# પેટા ચૂંટણીઓનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

## ૧૫મી સુધીમાં ઉમેદવારી પત્રો ભરી શકાશે : બીજી જુને લોકસભાની બે, વિધાનસભાની ચાર બેઠક માટે મતદાન

અમદાવાદ, તા.૮

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી ચાર બેઠકો અને લોકસભામાં ગુજરાતની ખાલી પડેલી બે બેઠકોની ચૂંટણી માટે આજે જાહેરનામુ જારી કરવામાં આવ્યુ હતુ. આની સાથે જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થઈ હતી જો કે પ્રથમ દિવસે કોઈ પણ ઉમેદવારી પત્રો ભરાયા ન હતા.

ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૫મી મે રાખવામાં આવી છે. લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકો માટે બીજી જુનના દિવસે રવિવારે મતદાન યોજાશે. મતદાન સવારે સાત વાગ્યથી સાંજે છ વાગ્યા સુધી યોજાશે. ચૂંટણી પંચે જાહેરનામુ જારી કરી દીધુ છે. પોરબંદર લોકસભાની બેઠક વિઠ્ઠલ રાદડિયાના રાજીનામાના કારણે ખાલી પડી હતી.

જ્યારે બનાસકાંઠા લોકસભાની બેઠક મુકેશ ગઢવીના અવાસનના કારણે ખાલી પડી હતી. લિંબડી વિધાનસભા બેઠક સોમાભાઈના રાજીનામાથી ખાલી પડી હતી. જેતપુર વિધાનસભા બેઠક જયેશભાઈ રાદડિયાના રાજીનામાથી ખાલી પડી હતી જ્યારે ધોરાજી બેઠક વિઠ્ઠલભાઈ રાદડિયાના રાજીનામાથી ખાલી પડી હતી. મોરવાહડપ (અજજા) બેઠક સવિતાબેન ખાંટના અવસાનના કારણે ખાલી પડી હતી. જુદા જુદા કારણોસર ખાલી પડેલી બેઠકો માટે હવે ચૂંટણી યોજાશે. પેટા ચૂંટણીને લઈને ફરી એકવાર ગુજરાતમાં રાજકીય અને ચૂંટણી માહોલ જામી ગયો છે. ત્રીજી મેના દિવસે ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો.

### પેટાચૂંટણીનો કાર્યક્રમ...

| | |
|---|---|
| લોકસભાની બેઠકો | ૨ |
| વિધાનસભાની બેઠકો | ૪ |
| પેટાચૂંટણીનું જાહેરનામુ | ૮મી મે |
| ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ | ૧૫મી મે |
| ઉમેદવારી પત્રો પાછા ખેચવાની છેલ્લી તારીખ | ૧૮મી મે |
| પેટાચૂંટણીનુ મતદાન | બીજી જૂન |
| મતગણતરી | ૫મી જુન |
| ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવાની તારીખ | ૭ જુન |

# દહેગામ-નરોડા રોડ ઉપર આવેલ શ્રીનાથ આર્કેટ તથા બંગ્લોઝની કાયદેસરતા જનહિતાર્થે સરકાર તપાસે




(તસવીર : નિખિલ પંડ્યા)

દહેગામ, તા. ૮

દહેગામ નેહરૂ ચોકડીથી આગળ નરોડા હાઈવે રોડ ઉપર આવેલ શ્રીનાથજી બંગ્લોઝના નામે ઓળખાતી વસાહતીની બહાર રાષ્ટ્રીય ધોરીમાર્ગની રોડ નિયંત્રણ રેખા સંદર્ભે અંદાજીત ૫૦ ઉપરાંત બે મજલાની પાકી દુકાનો ઉભી કરી દેવાઈ છે. જેમાં બાંધકામને લગતી યોગ્ય સત્તા અધિકારીની તેમજ સ્થાનિક સ્વરાજની સંસ્થાની, ઔડાની વિગરે જરૂરી એવી પૂર્વ પર્વ પર્વાનગીઓ મેળવવામાં આવી છે કે કેમ ? તે પ્રશ્ન હાલ ચર્ચાનો મુદ્દો છે.

લોક ચર્ચા મુજબ આ દુકાનો કોઈ પણ કાયદાની પરવા કર્યા સિવાય ઉભી કરી દેવામાં આવી હોવાનું ચર્ચાતુ રહ્યું છે. આ બાંધકામને રાષ્ટ્રીય ધોરીમાર્ગની નિયંત્રણ રેખાનો કોઈ બાદ નળે છે કે કેમ જે માર્ગ અને મકાન વિભાગે જોવું રહ્યું. મળવાપાત્ર બાંધકામની પરવાનગી અને જરૂરી પ્લાન ઔડા સત્તા મંડળની મંજુરીને પાત્ર છે કે કેમ તે ઔડાના કારોબારી અધ્યક્ષે અને સરકારશ્રીના સેહરી વિકાસે જોવું રહ્યું જેથી લોકોમાં ચાલતી ચર્ચાઓ અંગે જરૂરી સ્પષ્ટતા થાય તેવું જાગૃત નગરજનો ઈચ્છે છે.

શ્રીનાથ બંગ્લોઝ સોસાયટીના બંગલાઓનાં વિસ્તારમાં શહેરી વિકાસસત્તા મંડળ દ્વારા ખુલ્લા કોમન પ્લોટ રાખવામાં આવેલા છે કે કેમ અને જો ખુલ્લા કોમન પ્લોટ રખાયા હોય તો જે હાલ અસ્તિત્વમાં છે કે કેમ જેની ઔડા સત્તા મંડળ દ્વારા ચોકસાઈ ચકાસણી કરવી જોઈએ. રાખવા પાત્ર થતાં ખુલ્લા પ્લોટની જગ્યા વસાહતીઓના હિત સારૂ યથાવત રહેવી જોઈએ તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

## બનાસકાંઠા જિલ્લાના પાલનપુરનું ગૌરવ

પાલનપુર, તા. ૮

તાજેતરમાં ગુજરાત રાજ્ય ફૂટબોલ એસોસીએશન દ્વારા ઓગષ્ટ-૧૨માં ભાવનગર ખાતે રાજ્યકક્ષાની ફૂટબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં રાજ્યના તમામ જિલ્લાઓએ ભાગ લીધો હતો. જ્યાં બનાસકાંઠા ફૂટબોલ ટીમ સેમીફાઈનલ સુધી પહોંચી હતી. જે બાદ નેશનલ કક્ષાએ રમવા જવા માટે ગુજરાત રાજ્ય ટીમમાં બનાસકાંઠાની ફૂટબોલ ટીમના પાલનપુરના બે ખેલાડીઓ સિલેક્ટ થયા છે. તેમાં જોષી સમીપ અને શ્રીવાસ્તવ રોમીલ આગામી સમયમાં ૧૪મી તારીખથી કલકત્તા (વેસ્ટ બંગાળ) શરૂ થતી નેશનલ ફૂટબોલ સ્પર્ધામાં ભાગ લેવા માટે ગુજરાત રાજ્યની ટીમ સાથે રમવા જવાના છે. જેઓની પ્રથમ મેચ ૧૪મી મેએ ઉત્તરાખંડ સામે અને બીજી મેચ સિક્કીમ સામે રમવાનો છે. આ બંને ખેલાડીઓએ માતા, પીતા અને કોચના સહારે આશીર્વાદથી આ સફળતા પ્રાપ્ત કરી છે.

## ગૌરવપથ-૨ પર ટ્રક ફસાઈ

ખેડબ્રહ્માના ગૌરવપથ ૨ વાસણા રોડ પર થોડા સમય અગાઉ નગરપાલિકા દ્વારા પાણીની લાઈન માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. કામ પૂર્ણ થતા ખોદકામ માટી નાખી પુરી દેવામાં આવ્યું હતું, જ્યારે મંગળવારના રોજ એક ડમ્પર કપચી ભરી જતુ હતુ ત્યારે તે ખાડામાં ઉતરી પડ્યું હતું જેના કારણે એક બાજુનો રસ્તો બંધ થઈ જતા વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો.






(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

## પાલનપુરમાં નિ:શુલ્ક આયુર્વેદિક કેમ્પ યોજાયો

પાલનપુરના દિલ્હી ગેટ વિસ્તારમાં આવેલ બાલાજી આયુર્વેદિક ખાતે બનાસદિશા પરિવારના સૌજન્યથી નિ:શુલ્ક આયુર્વેદિક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અનેક લોકોએ સારવારનો લાભ લીધો હતો. સાંઇ ફાર્માસ્યુટીકલ્સ દ્વારા આયોજીત આ નિ:શુલ્ક નિદાન કેમ્પમાં પેટના દુખાવા, ચામડી, વા, સ્ત્રીરોગ અને વાળ અંગે ડો. મુકેશભાઇ જોષી, એમ.યુ. રાવલ તેમજ પિયુષભાઇ પ્રજાપતિ દ્વારા સુંદર સારવાર આપવામાં આવી હતી. જ્યારે આજના આધુનિક યુગમાં ખુબજ ખર્ચાળ દવાઓની સામે આયુર્વેદિક નિદાન ખુબજ ઉપયોગી હોવાનું ડો. જોષીએ જણાવ્યું હતું. અંતમાં આયોજકોએ તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

## મીડિઆની માલિકી અંગે ટ્રાઈ દ્વારા જાહેર ચર્ચા

ભારતીય દૂરસંચાર નિયમનકારી સત્તાતંત્ર-ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (ટ્રાઈ) દ્વારા અમદાવાદમાં આવતીકાલે મીડિઆની માલિકી અંગેના વિવિધ પ્રશ્નો-મુદ્દાઓ વગેરે અંગે જાહેર ચર્ચા યોજવામાં આવી છે. આ ખુલ્લી ચર્ચા આવતીકાલ ગુરૂવારે સવારે ૧૦ વાગે અમદાવાદમાં આશ્રમરોડ ઉપર આવેલા ગુજરાત વેપારી મહામંડળના હોલમાં યોજવામાં આવશે. ચર્ચાના વિષય અંગે તૈયાર કરાએલા કન્સલ્ટેશન પેપર્સ ટ્રાઈની વેબસાઈટ (www.trai.gov.in) ઉપર પ્રાપ્ય છે.

## ભિલોડા શ્રી સાંઈબાબા મંદીરનો સાતમો પાટોત્સવ યોજાયો

ભિલોડા નગરના હાથમતી નદી કિનારે આવેલા સુપ્રસિધ્ધ શ્રી સાંઈબાબા મંદીરનો સાતમો પાટોત્સવ ભક્તિભાવ પૂર્વક યોજાયો હતો. આ ધાર્મિક પ્રસંગ નિમિત્તે સવારે ૯.૦૦ વાગ્યાના સુમારે શ્રી સાંઈબાબાની ભવ્યાતીભવ્ય શોભાયાત્રા બેન્ડવાજાની સુરાવલી વચ્ચે વાજતે-ગાજતે ભિલોડાનગરમાં ફરી નીજ મંદીરે પરત ફરેલ હતી. શ્રી સાંઈબાબાના શ્રધ્ધાળુ ભાવિકભકતો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ખેડબ્રહ્મા તાલુકામાં મનરેગાના કામ શરુ કરવા આવેદનપત્ર

## ૩૬૫ દિવસમાંથી ૧૦૦ દિવસ રોજગારી આપવાની વાત ખોટી સાબિત થઈ રહી છે

ખેડબ્રહ્મા, તા.૮

ખેડબ્રહ્મા તાલુકામાં છેલ્લા બે વર્ષથી મનરેગા યોજના અંતર્ગત મળતી રોજગારીના કામ બંધ છે જેથી ગરીબ અને પછાત આદિવાસી પ્રજાની રોજીરોટીનો વિકટ પ્રશ્ન ઉભો થયો છે. આ અંગે સક્ષમ અધિકારીઓ તથા પદાધિકારીઓને રજુઆતો કરવા છતાં આદિવાસી પ્રજાનો અવાજ કોઈ સાંભળવા તૈયાર નથી. મનરેગાનાં કામ સત્વરે શરુ કરવા રાજકીય આગેવાનો દ્વારા નાયબ કલેકટરને આવેદનપત્ર આપ્યું છે. અને મનરેગાનાં કામ સત્વરે શરૂ કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ખેડબ્રહ્મા તાલુકામાં છેલ્લા બે વર્ષથી બંધ મનરેગાના કામ શરુ કરવા માટે માલવાસના રાજકીય આગેવાન રૂમાલભાઈ ધ્રાંગી-ગુંદેલ સરપંચ પ્રકાશભાઈ બ્રહ્મભટ્ટ-સેબલીયા (પો) સરપંચ ગુલાબભાઈ ગમાર-નવા મોટા સરપંચ રમેશભાઈ સોલંકી-ચંદ્રાણા સરપંચ મનુભાઈ ગમાર-આંબા મહુડા સરપંચ જેથુબેન પરમાર સહીત અન્ય રાજકીય અને સામાજીક અગ્રણીઓએ પ્રાંત અધિકારીને સોમવારના રોજ આવેદનપત્ર આપ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર ૩૬૫ દિવસમાં ૧૦૦ દિવસ રોજગારી આપવા કાયદાકીય અધિકાર આપી તેની અમલવારી કરવામાં આવી હતી પણ સમય જતાં તેમાં એટલો ભ્રષ્ટાચાર થયો કે તેની કોઈ હદ ન રહી અને કથિત ભ્રષ્ટાચારની ઉપર છેલ્લી તપાસ કરી સબ સલામતના ગાણાં ગાવામાં આવ્યા પણ મનરેગાના કામ બંધ થઈ જવાથી પાડાના વાંકે પખાલીને ડામે તે ઉકિત પ્રમાણે આદિવાસી લોકોને રોજગારી મળતી નથી અને ભ્રષ્ટાચારની કાર્યવાહીથી બચવા મનરેગાનાં કામ બંધ કરી દેવામાં આવ્યા હોવાની આવેદનપત્રમાં રજુઆત કરવામાં આવી છે. આ કામ સત્વરે શરુ કરવા માટે સરપંચો તથા તાલુકાના અગ્રણીઓએ સોમવારના રોજ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી કામ શરુ નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે અને આ આવેદનપત્રની કલેકટર-જિલ્લા વિકાસ અધિકારી-પ્રાયોજના વહીવટદાર-જિલ્લા ગ્રામ વિકાસના નિયામક તથા તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવામાં આવી છે.

# ગુજરાતમાં મેડીકલમાં પ્રવેશ માટે આજે ગુજકેટની પરીક્ષા

અમદાવાદ, તા.૮

ધોરણ-૧૨ સાયન્સ પછી મેડીકલ અને પેરામેડીકલના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે રાષ્ટ્રીય સ્તરે રવિવારે નીટની પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારે ગુરૂવારે મેડીકલમાં અને પેરામેડીકલના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે રાજ્યનાં વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપવી પડશે. રાજ્યભરમાંથી ધોરણ-૧૨ સાયન્સના બી સ્ટ્રિમના અંદાજે ૪૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પરંતુ મેડીકલ અને પેરામેડીકલમાં પ્રવેશ માટે એક જ અઠવાડિયામાં બે પરીક્ષા લેવામાં આવતા વાલીઓ અને વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

સીબીએચઈ દ્વારા મેડીકલ અને પેરામેડીકલના પ્રવેશ માટે ગુજરાત સહિત ગત રવિવારે નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (નીટ)ની પરીક્ષા લેવામાં આવી હતી. જોકે નીટ પરીક્ષાના વિરૂધ્ધમાં કેટલાક વાલીઓ અને વિદ્યાર્થીઓએ સુપ્રિમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરેલ છે. આ કેસ હાલમાં સુપ્રિમ કોર્ટમાં પડતર છે. જેથી જો સુપ્રિમ કોર્ટમાં નીટ અંગે ચુકાદો ન આપે તો તેના વિકલ્પ તરીકે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓની ગુજકેટની પરીક્ષા લેવાની જાહેરાત કરી હતી. જેનાં ભાગરૂપે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ગુરૂવારે ગુજકેટની પરીક્ષા લેવામાં આવશે. આ ગુજકેટની પરીક્ષામાં રાજ્યભરમાંથી અંદાજે ૪૦,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે. જોકે સુપ્રિમ કોર્ટમાં ચુકાદો ન આવે ત્યાં સુધી ગુજકેટનું પરીણામ જાહેર કરવામાં આવશે નહીં. જો સુપ્રિમ કોર્ટ મેડીકલ અને પેરામેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નીટની પરીક્ષાને માન્ય રાખે છે તો ગુજકેટનું પરીણામ જાહેર નહીં કરાય અને નીટની પરીક્ષાના આધારે વિદ્યાર્થીઓને મેડીકલ અને પેરામેડીકલમાં પ્રવેશ આપવામાં આવશે. પરંતુ જો સુપ્રિમ કોર્ટ જાહેર હિતની અરજીને ધ્યાનમાં રાખી નીટની પરીક્ષાને રદ કરે છે તો ગુજકેટનું પરીણામ જાહેર કરવામાં આવશે અને તેના આધારે વિદ્યાર્થીઓને મેડીકલ અને પેરામેડીકલમાં પ્રવેશ આપવામાં આવશે.

જોકે સુપ્રિમ કોર્ટના ચુકાદાની લટકતી તલવારના કારણે વાલીઓ અને વિદ્યાર્થીઓ મુઝવણમાં મુકાઈ ગયા છે. હજી સુધી કઈ પરીક્ષાના આધારે મેડીકલમાં પ્રવેશ મળશે તે પણ નક્કી થઈ શક્યું નથી. તેવામાં એક જ સપ્તાહમાં નીટ અને ગુજકેટ એમ બન્ને પરીક્ષા આપવાની થતા વાલીઓમાં રોષ વ્યાપી ગયો છે.

## શબ્દાવલી - ૫૦૫૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ૫ |
| | ■ | ૬ | | | | ■ | |
| ૭ | ૮ | | ■ | | ■ | ૯ | |
| ■ | ૧૦ | | ■ | | ■ | ૧૧ | |
| ૧૨ | | ■ | ૧૩ | ■ | ■ | ■ | |
| ૧૪ | | ■ | ૧૫ | ૧૬ | ■ | ૧૭ | ■ |
| | ■ | ૧૮ | | | ■ | ૧૯ | ૨૦ |
| ૨૧ | | ■ | | ■ | ૨૨ | | |

### આડી ચાવી

૧. વ્યથા કે દુઃખમાં ઘેરાયેલું (૩)
૩. ડુબેલું, તલ્લીન (૪)
૬. અવાજ, શોર (૪)
૭. માલ-તાકાત વગરના (૩)
૯. મિલ્કત, સંપત્તિ (૨)
૧૦. ટાઈલ્સ (૨)
૧૧. બિમાર માણસને પ્રવાહીમાં ... પીવડાવાય (૨)
૧૨. ... ઉધારનો હિસાબ રાખવો (૨)
૧૪. જથ્થો, વસ્તુનું વધારે પ્રમાણ (૨)
૧૫. યોગ કરે તેને... કહેવાય (૨)
૧૮. દાડમ (૩)
૧૯. જુસ્સો, હિંમત (૨)
૨૧. ભગવાન, ગોડ (૨)
૨૨. સમ, કસમ (૩)

### ઊભી ચાવી

૧. કુટેવ, ટેવ (૩)
૨. જલ્દી તુટી જાય તેવું (૪)
૩. પીળા ફૂલવાળુ એક વૃક્ષ (૪)
૪. અવાજ (૨)
૫. વચનથી બંધાયેલ (૫)
૮. ધનાઢ્ય, માલદાર (૪)
૯. પૃથ્વી, જમીન (૨)
૧૨. હવાલદાર, રખેવાળી કરનાર (૪)
૧૩. આવજો, બાયબાય (૪)
૧૬. ... માં પ્રાણીઓનું અભ્યારણ્ય છે, જૂનાગઢમાં (૨)
૧૭. સંયોગ, જોગ... (૩)
૨૦. સારા નરસા વિચારો... માં જ રખાય (૨)

### શબ્દાવલી ૫૦૫૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) બાગડોર (૪) પાટણ (૬) મણ (૭) ઘસરકો (૯) લાપરવાહ (૧૦) રન (૧૨) ઈતિ (૧૩) ટન (૧૫) શીખવણી (૧૮) વખત (૨૦) લવરી (૨૧) ગુલાલ (૨૨) યાન (૨૪) સસલુ (૨૫) નળીયું

**ઊભી ચાવી :-** (૧) બામલાઈ (૨) ગણપતિ (૩) રઘવાટ (૪) પાર (૫) ટકોર (૮) સહનશીલતા (૧૧) નગુણી (૧૪) સંતલસ (૧૬) ખવ (૧૭) વરીયાળી (૧૮) વગુ (૧૯) ખલાસ (૨૩) નયુ

## મકાનો ખાલી કરાવવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેઠળના મકાનો ભયજનક સ્થિતિમાં હોવા છતાં સરકાર કક્ષાએથી કોઈ નિર્ણય લેવાતો ન હતો. બીજીતરફ સરકારી આવાસોની છતમાંથી અવારનવાર ગાબડા પડવાના કિસ્સાઓ પ્રકાશમાં આવતા આવાસોમાં રહેતા પરિવારજનોની સલામતીનો મામલો રામભરોસે હોવાનું ચિત્ર ઉપસી આવ્યું હતું. જ્યારે થોડા સમય અગાઉ સે. ૬માં પણ એક સરકારી બ્લોક અચાનક જ જમીનદોસ્ત થતા નિકાલ હેઠળના જોખમી મકાનો દૂર કરવા સહીત વિચારણા શરૂ થઈ હતી. ત્યારબાદ આ અંગે ઉચ્ચકક્ષાએ પ્રેઝન્ટેશન અને બેઠકનો દૌર હાથ ધરાતા આખરે નિકાલ હેઠળના ૧૮૪૪ મકાનો તોડી પાડવા નિર્ણય લેવાયો હતો. બીજીતરફ હાલની સ્થિતિએ નિકાલ હેઠળના ૧૭૨ મકાનોમાં કર્મચારીઓનો વસવાટ છે જ્યારે થોડા સમયમાં જ ૧૧ જેટલા આવાસો ખાલી પણ કરાવી દેવાયા છે. પરંતુ બાકીના મકાનો પણ ખાલી કરાવવા તંત્રકક્ષાએથી ખાસ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. નિકાલ હેઠળના ઘણાખરા-મકાનો એરફોર્સના કર્મચારીઓના કબ્જામાં હોવાથી તંત્ર માટે આ મકાનોનો કબજો લેવાનુ શિરદર્દ સમાન બન્યું છે. મકાનો ખાલી કરાવતા પૂર્વે તંત્રકક્ષાએથી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે અન્ય મકાનો ફાળવવામાં આવ્યા છે. આમ છતા પસંદગીના આવાસ માટે આગ્રહ રાખવામાં આવતા અધિકારીઓ માટે મકાન ખાલી કરાવવાનું વધુ મુશ્કેલ બન્યું છે. અમુક કિસ્સામાં કબ્જેદારો દાદાગીરી કરે છે જો કે, ચોમાસા પૂર્વે આ તમામ મકાનો ખાલી કરાવી દેવા તંત્ર મક્કમ છે.

## મિશન મોડ પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવા અલગ તારવવામાં આવેલા બાળકોના વિકાસ માટે એમ.આઈ.એસ. સિસ્ટમ પણ તંત્ર દ્વારા ડેવલપ કરવામાં આવી છે. આ અગાઉ વિશ્વ મહિલા દિનની ઉજવણી વેળાએ રાજ્ય સરકારે અલગ વેબસાઈટ પણ ખુલ્લી મુકી હતી.

મળતી વિગતો મુજબ સરકારે દરેક ગામ દીઠ એક ઈલેક્ટ્રીકલ વજન કાંટો આપવાનું પણ નક્કી કરેલ છે અને તે વજન કાંટા દ્વારા દરેક બાળકના ગ્રોથ ચાર્ટ તૈયાર કરી એમ.આઈ.એસ. સિસ્ટમ દ્વારા સરકારને મોકલવાના રહેશે. આ ગ્રોથ ચાર્ટનું રાજ્ય કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ પણ મોનીટરીંગ થશે.

આજે મળેલી આ બેઠકમાં અધિકારીઓને એજન્સીની રચના અને તેની સ્ટાફ પેટર્ન તેમજ મોનીટરીંગ સેલની કામગીરીને લઈ વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સરકારે તમામ આંગણવાડીઓને આ માટે વિશેષ કોડ પણ આપી દીધા છે તેમજ મુખ્ય સેવિકાઓ અને સી.ડી.પી.ઓને પણ તેમના અલગ આઈ.ડી. અને પાસવર્ડ તૈયાર કરી આપવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ રાજ્યમાં અતિ કુપોષિત અને કુપોષણથી પિડાતા બાળકોને મુક્ત કરવા માટે જે અલગ અલગ યોજનાઓ ચાલે છે તેને પણ સંકલિત કરવા માટેની કવાયત ચાલી રહી છે અને આખીય કાર્યયોજના આ માસના અંત સુધીમાં આખરી કરી દેવામાં આવશે.

આજની આ બેઠક મહત્વપૂર્ણ બેઠક હતી અને તમામ અધિકારીઓને હવે દિવસ-રાત જોયા વિના આ પડકારને નાથવા માટે સુસજ્જ રહેવા જણાવી દેવામાં આવ્યું છે.

## ટેન્ડર નોટીસ

ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ગાંધીનગરની વડી કચેરીના વર્ષ ૨૦૧૩-૧૪ માટેના વાર્ષિક હિસાબો ડબલ એન્ટ્રીથી ટેલીમાં લખવા માટે તથા આ લખાયેલ હિસાબોનું ઓડીટ કરવા એમ જુદા જુદા બે કામ માટે નામાંકિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણુંક કરવાની છે. માટે રસ ધરાવતી કંપનીઓ પાસેથી ટેન્ડર પદ્ધતિ દ્વારા ભાવો મંગાવવામાં આવે છે.

**ટેન્ડર ફી રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ) ડિમાન્ડ ડ્રાફ્ટ મારફત જમા કરાવવાની રહેશે.**

**ટેન્ડરની વિગત :-**

(૧) ટેન્ડર ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૫ (પાંચ)માં નિગમની કચેરી ખાતેથી તા. ૧૩/૫/૨૦૧૩ સુધી લેવાના રહેશે.

(૨) ટેન્ડર ફી. ઈ.એમ.ડી. તથા ફિઝીકલ ટેકનિકલ ડૉક્યુમેન્ટ આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી રજૂ કરવાની છેલ્લી તા. ૧૮/૫/૨૦૧૩ સાંજે ૪-૦૦ કલાક સુધી રહેશે.

(૩) આંતરિક ઓડિટર માટે ઈ.એમ.ડી. રૂ. ૧,૫૦૦/- અને હિસાબો લખવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ માટે રૂ. ૩,૦૦૦/- ઈ.એમ.ડી. (રીફંડેબલ) નિમણુંક થયેથી ડિમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવવાના રહેશે અને હિસાબોનું આખરીકરણ થયેથી ફીના છેલ્લા હપ્તા સાથે આ રકમ પરત કરવામાં આવશે.

ટેન્ડર ડૉક્યુમેન્ટ નિગમની કચેરી ખાતેથી મેળવી સબમીટ કરી શકાશે. આ અંગેની વધુ માહિતી મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, બ્લોક નં. ૧૬, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી મળી શકશે.

સહી/-
મેનેજીંગ ડિરેક્ટર
ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ
ગાંધીનગર

માહિતી/૨૫૯/૧૩-૧૪

THE CREATIVE DECORATORS OF THE CITY
॥ अभय ॥ FEEL FREE, BE FEARLESS
AD ABHAY DECORATORS
HIRERS, DECORATORS & EVENT ORGANISERS
ZARIN CATERING Pvt.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate,
B/h. Videocon Factory, Sector-26, Gandhinagar
website : www.abhaydecorators.com, email : abhaydecorators@yahoo.com

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો ૯૭૧૪૧૯૮૩૬૬

ટચૂકડી જાહેર ખબર
૧૦૦% આયુર્વેદિક કાન્તી પ્રોડક્ટ નેચરલ (વેજીટેરીયન) સાબુ, શેમ્પુ વિથ કંડીશનર સાથે તેમજ આમળા તેલ (સ્પે. ઓફર : ૬ સાબુએ - ૧ ફ્રી)
જય સેલ્સ એજન્સી
૪૦૬, ડબલ ડેકર, સ.પ્રા. શાળા ૨૪/૧, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૯૨૪૬ ૨૬૮૫૦

જોઈએ છે
Indian Oil / P&G Associateને જોઈએ છે છોકરા / છોકરીઓ પરમેનેન્ટ કામ માટે
ફિક્સ પગાર + આકર્ષક ઈન્સેન્ટીવ
મો. : ૯૮૯૮૯ ૮૭૮૦૬

બહેન જોઈએ છે
સે. ૩બીમાં રસોઈ તથા પરચુરણ ઘરકામ માટે
કામગીરીનો સમય :
સવારે ૮-૦૦ થી ૧૨-૦૦
બપોરે ૪-૦૦ થી ૮-૦૦
સંપર્ક : ૯૪૨૮૩ ૫૨૦૦૭